## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આપણે ખેડૂ માણસને શું લેવાનું ?? કેટલાય નેતાને ટિકિટ નથી મળી તોય આત્મહત્યા નથી કરતા.... અને તું... આવા વિચાર ન કર....!!

# સિવિલમાં છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૪, અને મેલેરીયાના ૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં ધીમા પગલે હવે ઠંડીની શરુઆત અનુભવાઈ રહી છે. આ પરિસ્થિતિમાં શહેરમાં મચ્છરજન્ય એવા મેલેરીયા અને ઝેરી મેલેરીયા ના કેસોની સાથે ડેન્ગ્યું અને ચિકનગુનિયાના કેસો પણ સપાટી પર આવતા તંત્ર ચિંતિત બન્યું છે. ગાંધીનગર શહેરની સિવિલમાં આ માસની તા.૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન ટાઈફોઈડના ૯, કમળાના ૭, ઝાડા-ઉલ્ટીના ૪, મેલેરીયાના ૯ અને ડેન્ગ્યુના ૧૪ કેસ સામે આવતા તંત્ર દોડતું થઈ ગયું છે.

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના વાતાવરણમાં છેલ્લા એક સપ્તાહથી અચાનક પલ્ટો આવ્યો છે. સાંજના સુમારે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. આ પરિસ્થિતિમાં શહેરના વિવિધ વિસ્તારોમાં મચ્છરોના વધેલા ઉપદ્રવને લઈને વિવિધ વિસ્તારોમાં આ માસની શરૂઆતથી જ માત્ર અઠવાડીયાની અંદર મેલેરીયાના ૯ અને ડેન્ગ્યુંના ૧૪ કેસ નોંધાયા છે.ગાંધીનગર શહેરના આરોગ્ય વિભાગ માટે આ માસની શરુઆતથી જ ચિંતાજનક બાબત જોવા મળી છે. જેમાં ગાંધીનગરમાં એડીસ મચ્છરો દ્વારા ફેલાતા એવા ડેન્ગ્યું અને અન્ય વિવિધ રોગના કેસ પણ ધ્યાને આવ્યા છે. ચાલુ માસમાં તા.૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન કમળાના ૭, ઝાડા-ઉલ્ટીના ૪, મેલેરીયાના ૯, ટાઈફોઈડના ૯ અને ડેન્ગ્યુંના ૧૪ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચકતા નાગરીકોને તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવા જણાવ્યું છે. ગાંધીનગર શહેરમાંપાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો અજગરી ભરડો ન લે તે માટે સિવિલ તંત્ર દ્વારા આગોતરુ આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્યની ટીમો દ્વારા પણ શહેરના જે વિસ્તારમાંથી ડેન્ગ્યું તેમજ મેલેરીયાના દર્દીઓ વધુ જોવા મળે તે વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી યુધ્ધના ધોરણે શરુ કરી દેવાઈ છે. ત્યારે આગામી સમયમાં ઠંડીનું જોર વધતા સ્વાઈન ફલુના દર્દીઓ જોવા મળી શકે છે.

# સરગાસણ ચોકડી પાસેનો મસમોટો ખાડો ક્યારે પુરાશે ?

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં ચોમાસા બાદ રોડ દબાઈ જવાના અને ગટરો બેસી જવાના કિસ્સા સામે આવી રહ્યા



છે. શહેરમાં અનેક સ્થળો પર ખોદકામને પગલે આવા બનાવ બનવા પામ્યા છે. તાજેતરમાં જ સરગાસણ કોસ પાસે મોટો ખાડો પડયો હતો. પરંતુ તંત્રની ઢીલી નિતીને પગલે ખાડો પુરવામાં તંત્રને પંદર દિવસ નો સમય થયો હતો. ત્યારે આ ખાડાનું સમારકામ કરીને તંત્રએ માંડ હાશકારો અનુભવ્યો છે. ત્યાં ફરી પાછો સરગાસણ ગામ તરફથી સરખેજ જવાના માર્ગ પર ચોકડી પર જ મોટો ખાડો નજરે પડે છે. આ માર્ગ દબાઈ જવાને કારણે ખાડો પડ્યો છે કે ગટર બેસી ગઈ છે તેને પગલે મસમોટો ખાડો પડ્યો છે. પાંચ ફુટથી વધુ ઉંડાઈ અને ગોળાકારમાં રહેલા ખાડામાં વાહન ચાલકે વાહન લઈને કોઈ પટકાય તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેમ છે. ખાડામાં કોઈ ગરકાવ ના થાય તે માટે સ્થાનિક વેપારીઓ દ્વારા આડશ ઉભી કરી દેવાઈ છે. આ માર્ગ પરથી પસાર થતા તમામની નજર આ ખાડા તરફ જાય છે પરંતુ માત્ર નજર ફેરવીને જતા રહે છે. સ્થાનિકો દ્વારા તંત્રને લેખિત તેમજ મૌખિક જાણ કરી હોવા છતા હજુ સુધી કોઈ ખાડા તરફ નજર સુધ્ધા કરવા આવ્યા નથી. ત્યારે તંત્ર કોઈ ખાડામાં પડીને ઈજાગ્રસ્ત બને તેની રાહ જોઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. માર્ગ પરથી વાહન ચાલકો જ્યારે પસાર થાય છે ત્યારે વાહન ધીમે હાંકીને શાંતિથી જતા નજરે પડે છે. જયારે રાત્રીના સમયે જતા વાહનો બેરીકેટસ મુક્યું હોવાથી વાહનની ગતિ ધીમી કરી દે છે. વાહન નજીક આવે ત્યારે નજર કરે ત્યારે ખબર પડે છે કે આ સ્થળ પર તો મસમોટો ખાડો છે. ત્યારે આ ખાડો સત્વેર પુરાય તેવી સ્થાનીકોની લાગણી અને માંગણી છે.

# આજે જનવિકલ્પ પાર્ટી જાહેર કરશે ચુંટણી ઢંઢેરો

ગાંધીનગર, તા.૨૧

જન વિકલ્પ પાર્ટી આવતીકાલે જાહેર કરી શકે છે પોતાનો ચુંટણી ઢંઢેરો, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અમદાવાદ આશ્રમરોડ સ્થિત ફોચ્યુન લેન્ડમાર્ક હોટેલ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે ચુંટણી વચનોની લ્હાણી કરી શકે છે. આ બેઠકમાં જનવિકલ્પ મોરચાના સહયોગી પક્ષો અને તેમના પદાધિકારીઓ હાજર રહેશે. આવો કરીએ સંકલ્પ શિર્ષકના નેજા હેઠળ જાહેર થશે ચુંટણી ઢંઢેરો તેમજ સમગ્ર રાજયમાં જનવિકલ્પ પાર્ટીના ઉમેદવારો ટ્રેકટરના નિશાન પર ચુંટણી લડવાની છે. ત્યારે આવતીકાલની બેઠક મહત્વપૂર્ણ સાબિત થાય તેમ લાગી રહ્યું છે. આ પ્રસંગે મોટીસંખ્યામાં જનવિકલ્પના કાર્યકરો હાજર રહેશે.

# ગાંધીનગર ઉત્તર બેઠક પરથી રાજ પ્રજાપતિએ અપક્ષ ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા. ૨૧

આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી ભાજપ અને



કોંગ્રેસ પક્ષે તેમના ઉમેદવારોની યાદી જાહેર કરી નથી. ગાંધીનગર જિલ્લાની બેઠકો પર બંને પક્ષમાંથી કયા મુરતીયાઓ ચૂંટણી મેદાનમાં ઉતરશે તે અંગે અનેક તર્ક-વિતર્કો વચ્ચે પ્રશ્નાર્થ જ મંડરાયેલો છે. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ચૂંટણી જંગ વધુ રસપ્રદ બને તેવી સંભાવના છે. આવા સંજોગોમાં ઉત્તરની બેઠક પર અપક્ષ ઉમેદવારે ઉમેદવારી નોંધાવવાનું શરૂ કરી દીધુ છે. ઉત્તરની બેઠક પરથી રાજભાઈ પ્રજાપતિએ ઉમેદવારી નોંધાવી છે. રાજભાઈ પ્રજાપતિ ભાજપ-કોંગ્રેસના કેટલા મત મેળવી શકશે તે ચૂંટણી પરિણામના અંતે નક્કી થશે. પરંતુ કશ્મકશભર્યા ચૂંટણી જંગમાં અપક્ષ ઉમેદવારી પણ ઘણીવાર નિર્ણાયક સાબિત થતી હોય છે. ત્યારે આગામી દિવસોમાં પણ અપક્ષમાંથી અન્ય ઉમેદવારો નોંધાય તેવી શક્યતાઓ છે.

## ખર્ચ નિરીક્ષકોના અધ્યક્ષસ્થાને

# ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની સમીક્ષા અંગે યોજાયેલ બેઠક



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની વિધાનસભા ચૂંટણીઓની કામગીરીની સમીક્ષા અંગે ચૂંટણી ખર્ચ નિરીક્ષક રાકેશ રંજન અને આર.મુરલીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સતીષ પટેલ અને ચૂંટણી ખર્ચ મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર દેવાંગ દેસાઈની ઉપસ્થિતીમાં જિલ્લાના નોડલ અધિકારીઓની બેઠકમાં ચૂંટણીલક્ષી કરવામાં આવેલ કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિલ્લામાં કાર્યરત એસએસટી અને એફએસટી ટીમોએ કાળજીપૂર્વક ફરજો બજાવવા નિરીક્ષકોએ સૂચન કર્યુ હતું. ચૂંટણી આચારસંહિતાના અસરકારક અમલ તથા ફલાઈંગ સર્વેલન્સ ટીમો અને ચૂંટણી ખર્ચ અંગે એકાઉન્ટીંગ ટીમ તથા સીંગલ વિન્ડો સિસ્ટમ તથા વિડીયો સર્વેલન્સ અને વિડીયો વ્યૂઈંગ ટીમ દ્વારા થયેલ કામગીરીની વિવિધ નોડલ અધિકારીઓએ વિગતો રજૂ કરી હતી. ચૂંટણી ખર્ચ નિરીક્ષકોએ રાજકીય પક્ષોના પ્રતિનીધીઓ સાથે બેઠક કરીને ઉમેદવારોને નિભાવવાના અને રજૂ કરવાના ખર્ચના હિસાબોની જાણકારી આપીને ચૂંટણી પંચના નિયમોથી વાકેફ કર્યા હતા.

આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર એચ.એમ. જાડેજા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિપુલ ઠક્કર સહિત જિલ્લાના ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# હુલ્લડના ગુનામાં એક વર્ષથી વોન્ટેડ આરોપી આખરે પકડાયો

## એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડે આરોપીને વાવોલ-ગોકુળપુરા રોડ પરથી પકડી પાડયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડે ચોકકસ બાતમીને આધારે વાવોલ-ગોકુળપુરા રોડ પર વૉચ ગોઠવીને રાયોટીંગ (હુલ્લડ)ના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા વાવોલના આરોપીને પકડી પાડયો છે. સે-૨૧ પોલિસ સ્ટેશનના રાયોટીંગના ગુનામાં વોન્ટેડ આરોપીની ધરપકડ કરી લઈ એલસીબીએ આરોપીને સે-૨૧ પોલિસને સોંપવા તજવીજ શરુ કરી છે.




એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીતની એબસ્કવોન્ડર સ્કવોર્ડે નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી તેમને પકડવા સક્રીય થઈ બાતમીદારો પણ તે દિશામાં દોડતા કર્યા છે ત્યારે આજે આ સ્કવોર્ડે વધુ એક નાસતા ફરતા આરોપીને પકડી પાડયો છે. વર્ષ ૨૦૧૬માં સે-૨૧ પોલિસ સ્ટેશનની હદમાં બનેલા રાયોટીંગના ગુનામાં સાગરીત પકડાઈ ગયા હતા. પરંતુ વાવોલ કુબેરનગરમાં રહેતો આરોપી રજુજી બાબુજી ઠાકોર બનાવ બન્યો ત્યારથી નાસતો ફરતો હતો. આઈપીસી કલમ ૩૦૭, ૩૯૪,૧૪૩, ૧૪૭, ૧૪૯, ૪૦૩, ૪૨૭ અને જીપીએકટ૧૩૫ મુજબના ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો રજુજી ઠાકોર અંગે ચોકકસ બાતમી મેળવીને પીએસઆઈ વી.એમ. ઝાલાની ટીમે વાવોલ-ગોકુળપુરા રોડ પર વોચ ગોઠવી પકડી પાડયો છે. આરોપીની ધરપકડ કરી તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે નીમ પ્રોજેકટ વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૨૧


ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીબીએના વિદ્યાર્થીઓ માટે જીએનએફસી દ્વારા 'નીમ પ્રોજેકટ-ધ સસ્ટેનેબલ વુમન એમ્પાવરમેન્ટ પાયોનીયરીંગ નીમ રિવોલ્યુએશન' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જીએનએફસીના એરિયા હેડ ગોવિંદભાઈ પટેલે વિદ્યાર્થીઓને મહ્ત્વનું માર્ગદર્શન પુરું પાડયું હતું.

બીબીએ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ હેતુસર વર્ગખંડ ઉપરાંત વિવિધ ઔદ્યોગિક એકમોની મુલાકાત વગેરેનું આયોજન પણ કરવામાં આવે છે. આ વર્ષથી ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ વિદ્યાર્થીઓની મુલાકાત અગાઉ કોલેજમાં આવી વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી પુરી પાડશે જેથી મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ મહત્તમ જ્ઞાન પ્રાપ્ત કરી શકે. ફર્ટિલાઈઝર ક્ષેત્રે ૫ હજાર કરોડનું ટર્ન ઓવર ધરાવતી જીએનએફસી કંપનીની મુલાકાત વિદ્યાર્થીઓ આગામી તા. ૨૨, ૨૪ અને ૨૫ નવેમ્બર દરમિયાન લેવાના છે જે અંગે આ વર્કશોપમાં માહિતી આપવામાં આવી હતી. જામ કોટિંગ થકી યુરિયાના દુરુપયોગ પર નિયંત્રણ આવ્યું છે અને તે અંગેની તલસ્પર્શી માહિતી વિદ્યાર્થીઓને વર્કશોપમાં થવા પામી હતી. આ વર્કશોપમાં બીબીએ કોલેજના ૨૪૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.




ગાંધીનગર શહેરની સેકટર-૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે ગૌ માતાને રાજય માતાનો દરજ્જો આપવા મહંત ધરમદાસ બાપુ, વિર બજરંગદાસ બાપુ, સંતગણ આમરણ ઉપવાસ પર ઉતર્યા છે.

# એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓ જુદી જુદી સ્પર્ધાઓમાં વિજેતા



ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ ૧૮મીના રોજ મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ખાતે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઈનામો મેળવ્યા હતા. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ સ્થાને સૈયદ અરબીના (૮-બ), બીજા સ્થાને પ્રજાપતિ ઉર્મિ ગોરધનભાઈ (૮-બ), ચિત્ર સ્પર્ધામાં બીજા સ્થાને જાડેજા તન્વી (૮-અ), રંગોળી સ્પર્ધામાં ત્રીજા સ્થાને પોલાદી જીયાખાન(૬-ઈ) એ સફળતા પ્રાપ્ત કરી સર્ટીફીકેટ તથા ઈનામ પ્રાપ્ત કર્યા હતા. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે તમામ વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

# બીજા તબક્કાની યાદીને આખરી ઓપ આપવા ભરતસિંહ દિલ્હી પહોંચ્યા

અમદાવાદ,તા.૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ દ્વારા તેના ઉમેદવારોની પ્રથમ યાદી બે દિવસ પહેલાં જાહેર કરી દીધા બાદ હવે બીજા તબક્કાની બેઠકો માટેના ઉમેદવારોની બીજી યાદી તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. કોંગ્રેસના બીજા તબક્કાના ઉમેદવારોની યાદીને લઈ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી આજે તાબડતોબ દિલ્હી જવા રવાના થયા છે. દિલ્હીમાં રાજયસભાના સાંસદ અને કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા એહમદ પટેલના નિવાસસ્થાને બેઠકોનો દોર શરૂ થયા છે, જેમાં બીજા તબક્કાના ઉમેદવારોના નામો પર ગંભીરતાપૂર્વક ચર્ચા વિચારણા ચાલી રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી અનુસંધાનમાં કોંગ્રેસે પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો પૈકી ૮૬ ઉમેદવારોની પ્રથમ યાદી બે દિવસ પહેલા જાહેર કરી દીધી છે. જેમાં પાસના ઉમેદવારોના દાવા અને માંગણીને લઈ ત્રણ-ચાર બેઠક પર ટિકિટનો કકળાટ થયો હતો અને ચારથી પાંચ બેઠક પર ઉમેદવારો બદલવાની ફરજ પડી હતી. એ સિવાયની બાકીની બેઠક પર કોઈ મોટો વિવાદ સર્જાયો નથી. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા ત્રણ બેઠકો જેડીયુને ફાળવાઈ છે.

કોંગ્રેસના ઉમેદવારોની પહેલી યાદી જાહેર થઈ ગયા બાદ હવે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા બીજા તબક્કાની ૯૩ બેઠકો માટેના ઉમેદવારો જાહેર કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે ૯૩ બેઠકો પર કયા ઉમેદવારોના નામો ફાઈનલ કરવા તેની પર અંતિમ તબક્કાની ચર્ચા વિચારણા દિલ્હીમાં કોંગ્રેસના સિનિયર નેતા એહમદભાઈ પટેલના નિવાસસ્થાને બેઠકોના દોર ચાલી રહ્યા છે. કોંગ્રેસની બીજી યાદીને લઈ ગુજરાતમાંથી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના કેટલાક આગેવાનો પણ દિલ્હી પહોંચ્યા છે, જેમાં ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતનો પણ સમાવેશ થાય છે.



# પેપરઆર્ટ થકી સિદીસૈયદની જાળીની થ્રીડી પ્રતિકૃતિ

ગાંધીનગર, તા. ૨૧

વર્લ્ડ હેરિટેજસીટી અમદાવાદની જગ વિખ્યાત સિદીસૈયદની જાળીથી તાજેતરમાં જાપાનના વડાપ્રધાન સિન્ઝો આબે પણ પ્રભાવિત થયા હતા. વૈશ્વિક સ્તરે ગુજરાતની ઓળખના ભાગ સમુ આ શિલ્પ ઐતિહાસિક મહત્વ ધરાવે છે અને તેની પ્રતિકૃતિઓ બજારમાં વેચાય છે. ગાંધીનગર નજીકના ચાંદખેડાના પેપર આર્ટિસ્ટ મુકેશ પંડ્યાએ આ સિદીસૈયદની જાળીની ૩૦x૪૦ ઈંચની પ્રતિકૃતિ પેપર આર્ટ થકી તૈયાર કરી છે. વ્હાઈટ તથા આઈવરી કલરના કાર્ડ પેપરમાં બ્લેક કલરના બેકગ્રાઉન્ડ સાથે મલ્ટી લેયર પદ્ધતિથી થ્રીડી ઈમેજ ઉભી કરતી આ પ્રતિકૃતિ સંપૂર્ણ રીતે હાથથી બનાવાઈ છે. આ પ્રતિકૃતિની વિશેષતા એ છે કે તેમાં સિદી સૈયદની જાળીનો અંદરનો દેખાવ પણ દર્શાવાયો છે. જે મોટા ભાગના મુલાકાતીઓએ નિહાળ્યો નથી. તાજેતરમાં અમદાવાદની એક ખાનગી ક્લબમાં યોજાયેલા પ્રદર્શનમાં આ પ્રતિકૃતિએ અનેક મુલાકાતીઓને પ્રભાવિત કર્યા હતા.